પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૮૪ | ૨૬ ડિસેમ્બર, ૨૦૨૨, સોમવાર; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ચીનમાં કોરોનાનો કહેર : ભારતમાં ચિંતા વધી

દેશમાં ૨૭ ડિસેમ્બરે મોક ડ્રિલ યોજાશે : કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે ખાસ જણાવ્યું છે

નવી દિલ્હી, તા.૨૫

ચીનમાં કોવિડ-૧૯ના વધતા જતા કેસોએ દેશમાં ચિંતા વધારી દીધી છે. આ વખતે કેન્દ્ર સરકાર કોરોના વાયરસ સામે લડવામાં કોઈ કસર છોડવા માંગતી નથી. તેથી જ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને મોક ડ્રિલ કરવા જણાવ્યું છે. જેથી કોવિડના કેસ વધે ત્યારે લોકોને તાત્કાલિક સારવાર મળી શકે. આ મોક ડ્રિલ ૨૭ ડિસેમ્બરે રાજ્યોમાં યોજાશે. આ મોક ડ્રિલથી ખબર પડશે કે, હોસ્પિટલોની વાસ્તવિક સ્થિતિ શું છે. ત્યાં બેડ, માનવ સંસાધન, મેડિકલ ઓક્સિજન તેમજ આવશ્યક ચીજ-વસ્તુઓની શું વ્યવસ્થા છે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેરમાં દેશમાં હાહાકાર મચી ગયો હતો. ત્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી હતી. તેને કારણે રાજ્યોના આરોગ્ય વિભાગની પોલ ખૂલી ગઈ હતી. તે સમયગાળા દરમિયાન, દેશમાં ઓક્સિજનની અછતને કારણે દરરોજ દર્દીઓ મૃત્યુ પામતા જોવા મળ્યા હતા. આ સિવાય ચારેબાજુ અરાજકતાનો માહોલ હતો. દર્દીઓના સગા-સંબંધીઓ એક હોસ્પિટલથી બીજી

● અનુસંધાન પાન-૭ પર

ભારતમાં નાક દ્વારા અપાશે કોરોનોની રસીનો ડોઝ

નવા વેરિઅન્ટ BF.7 સામે લડવા વેક્સીન અપાશે : આ અંગે આગામી સપ્તાહે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૨૫

ફરી એકવાર કોરોના કહેર વર્તાવી રહ્યો છે. ચીનમાં ફરી એકવાર કોરોનાને કારણે હાહાકાર મચ્યો છે. ત્યારે ચીનથી આ કોરોનાનો વાયરલ હવે ભારતમાં અને દેશના વિવિધ રાજ્યોમાં પહોંચી રહ્યો છે. જેથી સરકાર દ્વારા સતર્કતાના પગલાં લેવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે સરકારે બુસ્ટર ડોઝ આપવાની પણ શરૂઆત કરી દીધી છે. જે પ્રકારે ચીનમાં કોરોનાનો નવો વેરિયન્ટ તબાહી મચાવી રહ્યો છે એ જોતા ભારત સરકાર પહેલાંથી જ અલર્ટ થઈ ગઈ છે. કોરોનાના નવા વેરિઅન્ટ મ્હ્ય.૭ સામે લડવા માટે હવે નાક દ્વારા વેક્સીન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છેકે, ભારત બાયોટેકની નેઝલ વેક્સીન iNCOVACC (Incovac) કોવિન એપ સાથે લિંક કરવામાં આવી છે. જો કે, તેની કિંમત અને ઉપલબ્ધતા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. કોરોના રોગચાળા સામે લડવા માટે હવે દેશમાં ઘણી રસીઓ ઉપલબ્ધ છે, જે ઘણી અસરકારક છે.

હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીની ઈન્ટ્રાનેઝલ એન્ટી-કોવિડ-૧૯ રસી દ્ર્ઠ્ઠફછઝ્રઝ્ર શનિવારે સાંજે ર્ઝીઉૈહ એપ સાથે લિંક થઈ. જો કે તેની કિંમત અંગે હજુ સુધી માહિતી શેર કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અંગે આગામી સપ્તાહે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ શુક્રવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે કોવિડ -૧૯ રસીકરણ અભિયાનમાં iNCOVACC ના સમાવેશને મંજૂરી આપી છે. તેમણે એમ પણ કહ્યું કે શરૂઆતમાં આ રસી ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ થશે અને તેને CoWin એપમાં ઉમેરવામાં આવશે.

ભારત બાયોટેકે આ નેઝલ વેક્સીનને યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન સાથે મળીને તૈયાર કરી છે.

WHOએ નવી ગાઈડલાઈન જાહેર કરી

WHOએ માસ્ક લગાવવાના કેટલાંક નિયમો જણાવ્યા છે, જે કોરોનાથી બચવામાં સહાયક થઇ શકે છે

નવી દિલ્હી, તા.૨૫

કોરોના મહામારીનો તાંડવ એકવાર ફરીથી શરૂ થયો છે, આ વખતે તેના જોખમી નિશાના પર ચીન છે, જ્યાં દરરોજ નવા કેસ સામે આવી રહ્યા છે અને સેંકડો લોકોના મોત થઈ રહ્યા છે. ચીન મીડિયા અનુસાર, આગામી ત્રણ મહિનામાં કોરોનાથી અહીં ત્રણ લાખથી વધુ લોકોના મોત થવાની આશંકા છે.

ચીનમાં હાલ કોરોનાના મુખ્ય વેરિએન્ટ ઓમિક્રોનનો સબ વેરિએન્ટ ઓમિક્રોન બીએફ ૭ (Omicron subvariant BF.7) તબાહી મચાવી રહ્યો છે. તે ચીન સહિત ભારતમાં પણ એન્ટર થઈ ચૂક્યો છે.

ભારતમાં પણ તેના ઘણાં કેસ સામે આવ્યા છે, આ વેરિએન્ટને લઈને ચિંતાની વાત એ છે કે, તેમાં ઝડપથી ફેલાવા અને એકસાથે ઓછામાં ઓછા ૧૦થી ૧૮ લોકોને સંક્રમિત કરવાની ક્ષમતા છે.

બીએફ ૭ મૂળ ઓમિક્રોનનો સબ વેરિએન્ટ છે જે એવા લોકોને પણ સંક્રમિત કરી શકે છે જેઓએ કોરાના વાયરસની બંને રસી અથવા બૂસ્ટર ડોઝ પણ લીધા છે.

રાહતની વાત એ છે કે, તેના ગંભીર લક્ષણો નથી, તેમ છતાં તેનાથી બચવા માટે કોરોના સાથે જોડાયેલા નિયમોનું પાલન કરવું જરૂરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉઌૅ)એ માસ્ક લગાવવાના કેટલાંક નિયમો જણાવ્યા છે, જે કોરોનાથી બચવામાં સહાયક થઈ શકે છે.

કોરોનાના કોઈ પણ વેરિએન્ટથી બચવા માટે તમારે માસ્ક પહેરવાની સાથે દરરોજની ગતિવિધિઓને લઈને પણ સતર્ક રહેવું જોઈએ. જેમ કે, સોશિયલ ડિસ્ટન્સિંગ, રૂમમાં યોગ્ય વેન્ટિલેશન અને સાફ-સફાઈ, ભીડવાળી જગ્યાએ જવાનું ટાળો, તમારા હાથને સાફ રાખો અને ખાંસતી વખતે મોંઢા પર કોણી રાખવી.

WHOએ સલાહ આપી છે કે, મહામારી દરમિયાન દરેક સમયે માસ્ક પહેરવું જોઈએ. માસ્ક બાબતે કેટલીક ચોક્કસ બાબતોનું ધ્યાન રાખો જેમ કે, તેનો ઉચિત ઉપયોગ કરવામાં આવે, યોગ્ય રીતે અને યોગ્ય સ્થળે તેને મુકવામાં આવે. માસ્કની સફાઈનું પણ ધ્યાન રાખો અને ગંદા તેમજ જૂના માસ્કનો યોગ્ય નિકાલ કરો.

ચીન સ્થિર અને મજબૂત વિકાસ માટે ભારત સાથે કામ કરવા તૈયાર : વાંગ યીએ

ચીને ભારત સાથે સારા સંબંધોની કરી માંગ : તવાંગમાં માર ખાધા બાદ સુધર્યું ચીન

નવી દિલ્હી, તા.૨૫

તવાંગ અથડામણ બાદ ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ભારત-ચીન સંબંધોને લઈને મોટું નિવેદન આપ્યું છે. વાંગ યીએ કહ્યું છે કે ચીન અને ભારતે રાજદ્વારી અને સૈન્ય ચેનલો દ્વારા વાતચીત જાળવી રાખી છે. બંને દેશો સરહદી વિસ્તારોમાં સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. અમે ચીન-ભારત સંબંધોના સ્થિર અને મજબૂત વિકાસ માટે ભારત સાથે કામ કરવા તૈયાર છીએ.

ચીન તરફથી આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત અને ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની ૧૭માં રાઉન્ડની વાતચીત દરમિયાન પશ્ચિમી સેક્ટરમાં ન્છઝ્ર સાથે જમીન સ્તરે સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે સંમત થયા છે. આ બેઠક ૨૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ચીનના ક્ષેત્રમાં ચુશુલ-મોલ્ડો બોર્ડર મીટિંગ પોઈન્ટ પર યોજાઈ હતી.

વાંગ યીના નિવેદન પહેલા ભારતના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે સરહદના ઉકેલ માટે બંને દેશો

● અનુસંધાન પાન-૭ પર

ભારતને ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત કરાશે : મોદી

મન કી બાતમાં કોરોનાથી સતર્ક રહેવા વડાપ્રધાન મોદીની સલાહ : આજે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું તે આપણાં માટે ગર્વની બાબત : પહેલાની જેમ દરેકે ફરજિયાત માસ્ક પહેરવું જોઈએ : મોદી

નવી દિલ્હી, તા.૨૫

'મનકી બાતમાં પીએમ મોદીએ કોરોનાના ખતરા અંગે વાત કરીને લોકોને સાવધાન રહેવા માટે કહ્યું. પીએમ મોદીએ મનકી બાતમાં જણાવ્યુંકે, દુનિયામાં ફરી એકવાર કોરોનાથી હડકંપ મચ્યો છે. ચીનમાં કોરોનાને કારણે સ્થિતિ નાજુક બની છે. ત્યારે ભારતે પણ આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યું છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, લોકો અત્યારે વેકેશનના મૂડમાં છે બહાર ફરી રહ્યાં છે.



જોકે, હરવા-ફરવાનો વાંધો નથી પણ વર્તમાન સ્થિતિને જોતા લોકોએ કોરોનાથી સતર્ક રહેવાની જરૂર છે. ખાસ કરીને પહેલાની જેમ દરેકે ફરજિયાત માસ્ક પહેરવું જોઈએ અને ફરજિયાત હાથ ધોતો રહેવું જોઈએ સેનેટાઈઝ કરતા રહેવું જોઈએ. પોલીયો, સ્મોલ પોક્સ અને ગીની વાયરસને ભારતથી અમે સમાપ્ત કરી નાંખ્યો છે. આ ઉપરાંત પીએમ મોદીએ સરકારની આગામી વિઝન અંગે વાત કરવા જણાવ્યુંકે, વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ટી.બી. મુક્ત કરવાનો સરકારનો ટાર્ગેટ છે. આ અભિયાનને સફળ બનાવવા માટે હજારો લોકો ટી.બી.ના દર્દીઓની દેખભાળ કરી રહ્યાં છે.

આ ઉપરાંત પીએમ મોદીએ યોગ-આયુર્વેદના સમન્વયથી ગંભીર રોગોની સરળ રીતે ચિકિત્સા પર ભાર મૂક્યો. યોગ અને આર્યુર્વેદ રિલેટેડ જાણકારીને સોશિયલ મીડિયા પર શેર કરવા પીએમએ આગ્રહ કર્યો. પીએમ મોદીએ મનકી બાતમાં જણાવ્યું કે, બ્રેસ્ટ કેન્સરમાં યોગલાભદાયક નિવડશે. નિયમિત યોગ કરવાથી કેન્સરનો ખતરો ઘટી જાય છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, કાલા અજાર એટલેકે, બાલુ મથ્થીના કરડવાથી આ બીમારી થાય છે.

બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં ભારતે શાનદાર જીત મેળવી

ભારતે ટેસ્ટ શ્રેણી ૨-૦થી જીતી લીધી : બાંગ્લાદેશ સામે ૧૩ ટેસ્ટમાં ભારતની આ ૧૧મી જીત

ઢાકા, તા.૨૫

ભારત અને બાંગ્લાદેશ સિરીઝની અંતિમ મેચ ઢાકાના શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. ઢાકા ટેસ્ટ ને ભારતે ૩ વિકેટે જીતી લીધી છે. આ સાથે જ ભારતે ૨-૦ થી ટેસ્ટ સિરીઝ પણ જીતી લીધી હતી. આ પહેલા ભારતે બાંગ્લાદેશને ચટગાંવ ટેસ્ટમાં ૧૮૮ રનથી હાર આપી હતી. બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને ટોસ જીતીને પ્રથમ બેટિંગ પંસદ કરી હતી. જોકે પ્રથમ ઈનીંગમાં બાંગ્લાદેશે ૨૨૭ રન નોંધાવ્યા હતા. જ્યારે બીજી ઈનીંગમાં ૨૩૧ રન નોંધાવ્યા હતા. ભારતે ૮૭ રનની સરસાઈ સાથે બાંગ્લાદેશ સામે ૧૪૫ રનનુ લક્ષ્ય મેળવ્યુ હતુ. જેનો પિછો કરતા ભારતીય ટીમની સ્થિતી મુશ્કેલ બની ગઈ હતી. ભારતની શરુઆત ખરાબ રહી હતી, જેને લઈ મેચ રોમાંચક સ્થિતીમાં આવી ચુકી હતી.

જોકે રવિચંદ્રન અશ્વિન અને શ્રેયસ અય્યરે શાનદાર રમત દર્શાવી હતી, જે ટોપ ઓર્ડરના મહત્વના ખેલાડીઓ નહોતા દર્શાવી શક્યા જેને લઈ ભારતે રોમાંચક મેચને ૩ વિકેટ બાકી રહેતા જીતી લીધી હતી. છેલ્લા ૭ વર્ષથી ચાલ્યા આવતા રેકોર્ડ મુજબ ચોથી ઈનીંગમાં ભારતીય ટીમ આ પહેલા માત્ર એક જ વાર ૧૪૦ કે તેથી વધારેના લક્ષ્યને પાર કરવામાં સફળ રહી હતી.

અમેરિકા-કેનેડામાં ભારે હિમવર્ષા

ભારે ઠંડીથી જનજીવન પ્રભાવિત થયું : અહીં હિમવર્ષા અને વરસાદ વચ્ચે સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ૨ હજારથી વધુ ફ્લાઈટ્સ સ્થગિત કરાઈ છે

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકા આ દિવસોમાં ભારે હિમવર્ષા અને તીવ્ર ઠંડીની ઝપેટમાં છે. શિકાગો અને ડેનવર જેવા શહેરો સહિત ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસથી નીચે આવી ગયું છે. જેના કારણે ૨ હજારથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે. તે જ સમયે, ૭ હજારથી વધુ ફ્લાઈટ્સનું શિડ્યુલ બગડ્યું. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

અમેરિકામાં કોરોનાના કેસ વધવાની સાથે જ તીવ્ર ઠંડી અને ભારે હિમવર્ષાના બેવડા પ્રકોપથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શિકાગો, ડેનવર સહિત અમેરિકાના અનેક શહેરોમાં હાડકાં ભરી દે તેવી ઠંડી પડી રહી છે. ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસથી અનેક ડિગ્રી નીચે ગગડી ગયું છે. હિમવર્ષા અને વરસાદને કારણે ઉભી થયેલી ખરાબ સ્થિતિને કારણે ૨ હજારથી વધુ ફ્લાઈટ્સ સ્થગિત કરવી પડી હતી. અમેરિકામાં ભારે હિમવર્ષાના વાવાઝોડાએ દેશને ઘૂંટણિયે લાવી દીધો છે. ત્યાં લગભગ ૨૦ કરોડ લોકો ચક્રવાતની ઝપેટમાં આવી ગયા છે અને ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.ઠંડી એટલી ભયંકર છે કે ઉકળતું પાણી થોડીક સેકન્ડોમાં બરફ બની રહ્યું છે. અમેરિકાથી કેનેડાના ક્વિબેક સુધી આ ચક્રવાત ૩૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં તબાહી મચાવી રહ્યું છે.

G-20 સમિટ પહેલા દિલ્હીમાં તૈયારીઓની શરૂઆત કરાઈ

દેશમાં ૫૫ સ્થળોએ ૨૦૦ થી વધુ બેઠકો થશે : માર્ચ ૨૦૨૩માં ય્૨૦ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલા આ કાર્ય પૂર્ણ કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૫

આગામી વર્ષે યોજાનારી ય્-૨૦ સમિટ પહેલા દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન રાષ્ટ્રીય રાજધાનીમાં તેના ૫ ઝોનમાં નવા શૌચાલય બાંધશે અને જૂનાનું સમારકામ કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સમિટની તૈયારીના ભાગરૂપે સ્ઝ્રડ્ઢ એ દિલ્હીમાં બગીચાઓને સુશોભિત કર્યા છે અને અનેક સ્થળોએ વૃક્ષારોપણ અને જનકલા સ્થાપિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

એમસીડીએ જણાવ્યું હતું કે નવા સામુદાયિક શૌચાલય સંકુલ અને જાહેર શૌચાલયનું નિર્માણ અને જૂના શૌચાલયોના સમારકામની કામગીરી ઝડપી કરવામાં આવી છે. કોર્પોરેશને જણાવ્યું હતું કે, એમસીડીના પાંચ ઝોન (કરોલ બાગ, દક્ષિણ, મધ્ય, શાહદરા, દક્ષિણ અને શહેર એસપી) શૌચાલયોનું નિર્માણ અને સમારકામ કરવામાં આવશે. આ વિસ્તારોને મોટી સંખ્યામાં આવ્તા પ્રવાસીઓ માટે મહત્વપૂર્ણ સ્થાનો તરીકે ઓળખવામાં આવ્યા છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન
₹31*/ 500 mL
અમૂલ ગોલ્ડ

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.
Amul
The Taste of India